શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ-૮ • અંક-૧૦-૧૧

ઓક્ટોબર-નવેમ્બર - ૨૦૧૬

પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-

SGVP GURUKUL USA

SHREE SWAMINARAYAN SANATAN TEMPLE

(Yoga, Education and Cultural Center)

Savannah, GA

Ram Janmotsav | Krishna Janmotsav | Annkut Darshan | Rukshmani Vivah

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૮, ઓક્ટોબર-નવેમ્બર : ૨૦૧૬, અંક : ૧૦-૧૧

પ્રકાશક	:	૫.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
તંત્રી	:	પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક	:	શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન	:	હરિકૃષ્ણ ગ્રાફિક્સ
તસ્વીર	:	જી. વિઝન
મુદ્રક	:	સૂર્યા ઓફસેટ

છુટક અંક	:	રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	:	રૂા. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	:	રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ	:	$ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

SwaminarayanGurukul
GurukulParivar

જોઈ રસીલો રૂપાળો રંગરેલ રે....

જોઈ રસીલો રૂપાળો રંગરેલ રે,
ઘેર જાતા ગમતું નથી;
મારે માથે છે, જલડાની હેલ રે
ઘેર જાતા ગમતું નથી.–ટેક૦

દોહ્યા વિના રે ઘેરે ઊભી મારે ગાવડી;
હાં રે મારે વચમાં પડ્યા છે મહીનાં ઠામ રે..ઘેર

આંધણ મેલીને આવી તરત ચુલા ઉપરે;
હાં રે એવા બગડે છે, ઘરડાનાં કામ રે..ઘેર

મનડું મોહ્યું રે, મારા પગ નવ ઉપડે;
હાં રે કાંઈ માથે લાગે છે બહુ ભાર રે.. ઘેર

સાસુ ને નણદી મુને મેણલાં રે મારશે;
હાં રે કહેશે એવડી લગાડી ક્યાં તે વાર રે..ઘેર

અજબ રંગીલી અળવીલાની આંખડી;
હાં રે કાંઈ, ભ્રૂકુટિનો ખૂબ બણાવ રે..ઘેર

બ્રહ્માનંદના વહાલા છેલાની મૂર્તિ;
હાં રે જોઈ મનડામાં લાગેલ ઘાવ રે..ઘેર

નવા વર્ષે નવા સંકલ્પ

- ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ

- સાદાને માટે નવા રહેવામાં જેટલો માલ છે તેટલો માલ જૂના થવામાં નથી.
- સંકલ્પે રહિત થઈને નિર્દોષ ભાવનાથી રહીએ તો જ ગુણ આવે એ નક્કી જાણવું.
- મનનું ધાર્યું મૂકી સરળતાથી રહીએ, તો જ સત્સંગનું ખરું સુખ આવે.
- મોટામાંમોટો દુર્ગુણ ગાફલાઈ છે.
- કોઈ આપણા દોષ દેખાડે તો સાંભળતા શીખવું, એમાં જ આપણી શોભા છે.
- શ્રીજીમહારાજને રાજી કરવા આપણા સ્વભાવ મેલવા. મન ધાર્યું ન થાય ત્યારે અકળામણ તો આવે, પણ તેમાં જ માણસની કિંમત છે.
- અલ્પ પદાર્થના સંકલ્પ છોડીને મહારાજમાં રહેતા શીખવું.
- ગુણે કરીને મોટા હોય તેમાં નિરંતર સદ્‌ભાવના જાગશે, ત્યારે જ સુખિયા થવાશે.
- વૃત્તિ જેટલી બહાર વધશે, તેટલું સુખ ઓછું થશે.
- મનનાં સંકલ્પ મેલીને જગતના ઢાળે નહીં ઢળો તો તમારું હિત.
- સાત્ત્વિક ભાવ કેળવતા શીખવું. સત્વગુણમાં રહી આપણું કર્તવ્ય કરતાં રહેવું.
- દિવસમાં થોડીવાર પ્રવૃત્તિનો ત્યાગ કરી ભગવાનની મૂર્તિને ધારતા શીખવું.
- માયિક ભાવ ઓછો થાય અને અમાયિક ભાવ જાગૃત થાય તેવા પ્રયત્નો કરવા.
- નાની ઉંમરમાં મેળવેલી સદ્‌ગુણોરૂપી મિલકતનો સ્વાદ પછીથી જ આવે.
- જીવનના છેલ્લા શ્વાસ સુધી વિદ્યાર્થી બની રહેવું, ટીપે ટીપે સરોવર ભરાય છે એ યાદ રાખવું.
- ગુણનું અભિમાન હમેશા બંધનકર્તા છે.
- જીવનમાં આવતી મુશ્કેલીઓના સંજોગો અકળામણના હોય, તે ખાડા નથી પણ આપણને ઊંચે લઈ જવા માટેના પગથિયા છે.
- સાધુપુરુષોની ખરી મિલકત તો સાધુતા, સરળતા, નિર્માનીપણું અને સાત્વિકતા એ જ છે.

- ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે લખેલા પત્રોમાંથી સંકલિત.

નૂતન વર્ષાભિનંદન

- ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

ગુરુકુલ પરિવારના વ્હાલા ભક્તજનો

જય શ્રી સ્વામિનારાયણ

દિપાવલીનું મંગલ પર્વ આપની આંતર જ્યોતિને પ્રગટાવનારું બની રહો. એ આંતર જ્યોતિને અજવાળે આપની અધ્યાત્મપંથે પ્રગતિ થતી રહે.

અધ્યાત્મપંથની મંઝિલ એટલે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ. માનવ જીવન એ મંઝિલને પ્રાપ્ત કરવાનું શ્રેષ્ઠ સાધન છે.

માનવ જીવન પરમાત્માએ આપેલું અણમોલું વરદાન છે. મનુષ્ય દેહ અભિનંદનીય છે, નિંદનીય નથી. મનુષ્ય દેહ આદરણીય છે, ઉપેક્ષણીય નથી. લખચોરાશીના કોઈપણ શરીર કરતાં મનુષ્ય દેહ શ્રેષ્ઠ છે.

આશ્ચર્યની વાત એ છે કે નાશવંત માનવ શરીરથી શાશ્વત જીવનની પ્રાપ્તિ શક્ય બને છે. ક્ષણભંગુર માનવ શરીર અવિનાશી તત્ત્વને પ્રાપ્ત કરાવે છે. વિકારવાન શરીર અવિકારી પરમતત્ત્વની પ્રાપ્તિમાં નિમિત્ત બને છે. સુખદુઃખથી ભરેલું શરીર સહજ આનંદને કિનારે પહોંચાડે છે.

એટલા માટે જ શાસ્ત્રોએ મનુષ્ય શરીરને ધર્મનું સાધન કહેલ છે. સવાલ છે સાધનનો ઉપયોગ કઈ રીતે થાય છે ? જો આ સાધનનો સદુપયોગ થાય તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય પુરુષાર્થ સિદ્ધ થાય છે અને જો દુરુપયોગ થાય તો આ જ શરીર નરકયાતનાનું નિમિત્ત બને છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે લખેલી શિક્ષાપત્રી મનુષ્ય જીવનના સદુપયોગની માર્ગદર્શિકા છે.

નૂતન વર્ષના આરંભે ભગવાન શ્રીહરિ આપને શિક્ષાપત્રીના આદેશોને અનુસરવાનું બળ આપે. આપના જીવનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય પુરુષાર્થ સિદ્ધ થાય એવી અમે શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ.

પુરાણી સ્વામી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય શ્રીહરિ સ્વામી, પૂજ્ય હરિસ્વરુપ સ્વામી વગેરે સંતો-પાર્ષદો વતી સમસ્ત ગુરુકુલ પરિવારને નવા વર્ષના અમારા હેતથી જય શ્રી સ્વામિનારાયણ

- લી. સ્નેહાધીન

સ્વામી માધવપ્રિયદાસ

નવા વરસનું નામું

- સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી

વ્હાલા સંતો અને વ્હાલા હરિભક્તો,
વ્હાલા વિદ્યાર્થીઓ તેમજ સર્વે સજ્જનો.....

વિક્રમ સંવત્ ૨૦૭૩નું આપણું ભારતીય વર્ષ તારીખ ૩૧ નવેમ્બરના રોજ શરૂ થાય છે. દિવાળી અને નૂતનવર્ષ આપણાં હૃદયને અજવાળાના અને આગળ વધવાના ઉત્સાહભર્યા સંદેશાઓ દર વર્ષે પાઠવે છે.

દિવાળી સૌને ગમે છે, કારણ કે તેમાં દીવડાઓનો ઉજાસ ભર્યો છે. એમાંથી પ્રકાશનો પંથ આપણને દેખાય છે. નવા વરસને આપણે સૌ હરખભેર વધાવીએ છીએ, કારણ કે આપણે આગળ ને આગળ વધી રહ્યા છીએ એવી પ્રતીતિ પ્રત્યેક નવા વરસના ઉત્સવમાંથી આપણને થાય છે.

વ્હાલા ભક્તો ! આજનો દિવસ આપણાં જીવનના સરવાળા માંડવાનો દિવસ છે.

જિંદગીમાં કેટલું કમાણા રે, જરા સરવાળો માંડજો...

શાનો સરવાળો માંડીશું !? જગતના વહેવારોના સરવાળા-બાદબાકી તો થતા જ રહેવાના છે, પરંતુ શ્રીજી મહારાજે આપણને સત્સંગના સરવાળા માંડવાની આજ્ઞા આપી છે.

શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે, "જેમ વાણિયો હોય તે જેટલો વેપાર કરે તેનું નામું માંડી રાખે છે. તેની પેઠે જે દિવસ થકી સત્સંગ થયો છે તે દિવસથી જેણે નામું માંડી રાખ્યું હોય તેનો સ્વભાવ ટળે છે અને તે એમ વિચારે જે, 'જ્યારે મારે સત્સંગ નહોતો ત્યારે મારે આટલો મલિન સ્વભાવ હતો અને સત્સંગ કર્યા પછી આટલો સ્વભાવ ઉત્તમ થયો છે.' અને વર્ષોવર્ષ પોતાનો વધારો થતો હોય અથવા કાંઈ ફેર રહેતો હોય તે સર્વેને તપાસ્યા કરે, પણ મૂર્ખ વાણિયો જેમ નામું માંડે નહિ તેની પેઠે ન કરે. એવી રીતે જે સત્સંગ કરીને પોતાને જો તપાસ કરતો રહે, તો તેના જે જે સ્વભાવ હોય તે સર્વે નાશ પામી જાય છે."

આપણા જીવનમાં કેટલીયે દિવાળી આવી અને જતી રહી; પરંતુ આપણે સત્સંગી તરીકે - સાધુ તરીકે આપણા સ્વભાવને ઓળખવાનો અને સ્વભાવને ટાળીને ભગવાન ભજવાનો કેટલો પ્રયત્ન કર્યો ? એ આ દિવાળી પ્રસંગે આત્મનિરીક્ષણ કરવાનો સમય છે.

આજના માનવીની પંચવિષયો તરફની દોડ ખૂબ જ વધી ગઈ છે, એટલે સત્સંગ કરીને સ્વભાવ ટાળવાનો વિચાર જ આવતો નથી; પરંતુ ખરા અર્થમાં સત્સંગીનું નવું વરસ એટલે પોતાનો સ્વભાવ સુધારવાનો દિવસ અને દિવાળી એટલે પોતાનું આખા વરસનું સરવૈયું તપાસવાનો દિવસ.

આ મંગલકારી ઉત્સવના દિવસો આપણા માટે ત્યારે જ કલ્યાણકારી બની શકે, જ્યારે આપણે મોહનિદ્રામાંથી જાગીએ. શ્રીજી મહારાજ આપણને જગાડે છે, સંતો આપણને સુધારે છે. જાગો ભક્તો, મોહનિદ્રા ત્યાગો.

ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ, અબ રૈન કહાં જો સોવત હૈ;
જો સોવત હૈ વો ખોવત હે, જો જાગત હૈ વો પાવત હૈ.....

– પુરાણી ભક્તિપ્રકાશદાસના
હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ

દિવાળીની ટપાલ અને અક્ષરધામનો ઇ-મેઇલ

- સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી



વિક્રમ સંવત્ ૨૦૭૨ની વિદાય અને વિક્રમ સંવત્ ૨૦૭૩ના સ્વાગત સાથે દિવાળી અને નૂતનવર્ષના આપ સૌ પરિવારજનોને હૃદયના ભાવપૂર્વક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવતા હર્ષ, આનંદ અને દિવ્યતાની લાગણી અનુભવું છું.

ઘણા વર્ષોનો આપણો નાતો પ્રત્યેક દિવાળીએ જૂના સંસ્મરણોને તાજા કરે છે. નવું વરસ હવે નવું નથી લાગતું, પણ રોજેરોજ કંઈક નવા અનુભવો પામવાની મહેચ્છાઓ જગાડે છે. આજથી ૨૫-૩૦ વર્ષ પહેલા દિવાળીનો મિજાજ કંઈક અનેરો જ અનુભવાતો. હવે તો લગભગ બધા તહેવારોએ દિવાળી સાથે હરિફાઈ કરીને ઉજવણામાં દિવાળીને પાછળ રાખી દીધી છે, ત્યારે મને યાદ આવે છે એ ટપાલનો જમાનો.

ગામડેથી શહેરમાં અને શહેરથી ગામડામાં સંદેશા પહોંચાડતું ટપાલખાતુ અને ટપાલી ખૂબ જ આદરણીય ગણાતા.

ગામડામાં અને ગુરુકુલમાં દરરોજ ટપાલીની રાહ જોવાતી. એમાંયે દિવાળીના દિવસોમાં ટપાલોનો ઢગલો થાય, એમાં શુભેચ્છાઓ રંગબેરંગી અનુભવાતી.

આપણે ખૂબ આગળ વધી ગયા છીએ એવું લાગે છે, પણ આવી નાની નાની મજાઓ ચૂકી ગયા છીએ. હવે તો દિવાળી શું? કે નવું વરસ શું?

ઇન્ટરનેટ અને મોબાઈલ ક્રાંતિએ આધુનિક માનવીને ક્ષણોમાં ખૂબ ઝડપથી જીવતો કે મરતો કરી દીધો છે.

''अहर्निशं सेवामहे''નું પોસ્ટખાતાનું પવિત્ર સૂત્ર આજે તેના જૂના થઈ ગયેલા અને ઘસાઈ ગયેલા પતરાનાં બોર્ડ સાથે હેઠું પડી ગયું છે.

નૂતનવર્ષ સમા નવા જમાનામાં તો અહીં પ્રત્યેક પળે ઇ-મેઈલની આપ-લે થાય છે. આવું બધું જોઈને અને સાંભળીને મહા આશ્ચર્ય સાથે માનવવિકાસની યશોગાથા પ્રત્યે જરૂર માન ઉપજે છે.

દિવાળી અને નવા વરસના અભિનંદન આપતાં મને મહારાજને એક ટપાલ લખવાનું મન થાય છે. આપણા સૌ વતી એક ટપાલ શ્રીજીમહારાજને લખું અને એ ટપાલ આપણી અક્ષરધામ સુધી પહોંચી જાય, તો શ્રીજીમહારાજ જરૂર અક્ષરમુક્ત શુકાનંદ સ્વામી પાસે એનો જવાબ લખાવશે, એવી મને શ્રદ્ધા છે.

ખેર ! આ ટપાલ અક્ષરધામ પહોંચે છે અને અક્ષરધામમાંથી ઇ-મેઈલ આવે છે, ત્યારે આપણાં જીવનની ભવ્યતામાં દિવ્યતાના ચમકારા જરૂર અનુભવાશે.

ટપાલ શબ્દ ગુજરાતી છે, તો પણ આપણે કદી એના અર્થ વિષે વિચાર કરતા નથી. ટપાલ એટલે ટપાલ, અંગ્રેજીમાં એને પોસ્ટકાર્ડ કહેતા. પરંતુ ઇ-મેઈલ તો અંગ્રેજી શબ્દ છે, એનો અર્થ શું થતો હશે એ તો જરૂર જાણવું પડશે.

ઇ-મેઈલનું ભદ્રંભદ્ર ગુજરાતી આ પ્રમાણે થાય, ઇ-મેઈલ એટલે એક ક્ષણના વિલંબ વિના અવકાશ માર્ગે વીજળીવેગે થતો સંદેશા વ્યવહાર. આમાં ટપાલ જેવી મજા નથી આવતી, તેથી ઇ-મેઈલને આપણે ગુજરાતીમાં 'વિદ્યુતપત્ર' કહીએ તો ચાલે !!!

મને ઇ-મેઈલ લખતાં આવડે નહીં, તેથી હું તો શ્રીજી મહારાજને એક ટપાલ જ લખી શકું. આ ટપાલ થોડી લાંબી થશે, કદાચ પોસ્ટકાર્ડમાં ન સમાય પરંતુ શ્રીજી મહારાજ અને મુક્તોને આ ટપાલનો જવાબ જરૂર આપવો પડશે.

આ ટપાલ મહારાજને મળે...

અનંતકોટિ બ્રહ્માંડો જ્યાં અણુની જેમ ઊડતાં ફરે છે એવા અક્ષરધામના અધિપતિ, સર્વ કારણના કારણ, કર્તુ-અકર્તુ-અન્યથાકર્તું સર્વાવતારી પૂર્ણપુરુષોત્તમ નારાયણ, અનંત નામના નામી, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન અને આપના દિવ્ય સાનિધ્યમાં નિવાસ કરી રહેલા પૂજ્યારાધ્ય સર્વે અનાદિ મુક્તો...

આપનાં શ્રી ચરણારવિંદમાં કોટાનકોટિ દંડવત્ પ્રણામ સાથે મૃત્યુલોકના ભરતખંડમાંથી લિ. એક દાસાનુદાસના હેતપૂર્વક જય શ્રી સચ્ચિદાનંદ, જયશ્રી સ્વામિનારાયણ સાથ વિક્રમ સંવત્ ૨૦૭૨ની દિવાળીની શુભેચ્છાઓ અને વિક્રમ સંવત્ ૨૦૭૩ના આગમનના નૂતન વર્ષાભિનંદન.

અક્ષરાત્મક મહામુક્તો સાથે સદાય દિવ્યાનંદમાં બિરાજતા આપને કે મુક્તોને 'મજામાં હશો' એવું લખાય નહીં કે પૂછાય પણ નહીં. કારણ કે આપ તો સર્વે મજાઓના મૂળ સ્ત્રોત છો. પરંતુ અમારે આ લોકમાં ક્યારેક જ મજાનો અનુભવ થાય છે. તો પણ અમને કોઈ પૂછે કે, "કેમ છો ?" ત્યારે અમારે "મજામાં છું" એમ જ કહેવું પડે એવો રિવાજ થઈ ગયો છે.

આપ મહારાજ તો સર્વ જીવ-પ્રાણીમાત્રના સુખદાતા, આનંદદાતા અને જીવનદાતા સ્વયં સહજાનંદ સ્વામી, સ્વયં પુર્ણપુરુષોત્તમ નારાયણ છો, તેથી તમારી મજા વિષે અમે તમને શું પૂછી શકીએ ? પણ આ લોકમાં સત્સંગ કરતા અમે એવું શ્રવણ કર્યું છે કે અક્ષરધામમાં તો સુખ, મોજ-મજા અને આનંદનાં સાગર છલકાય છે. એ અખંડ આનંદનો અનુભવ કરવા માટે અમે આ લોકમાં તમારા આશ્રિત બન્યા છીએ. આપની આજ્ઞા-ઉપાસના દ્વારા આપ સુધી પહોંચવાનો અને આપને પામવાનો અમે સંકલ્પ રાખ્યો છે, જે આપ સર્વના અંતર્યામી છો, તે બધું જ જાણો છો...!

વિશેષમાં હે મહારાજ ! આ ટપાલ લખવાનું કારણ એ છે, કે આપ પરમકૃપાળુ પરમાત્માએ બલિરાજા ઉપર કૃપા કરીને તેની કસોટી કરવા માટે જ્યારે વામન અવતાર ધારણ કર્યો, ત્યારે બલિરાજાએ પોતાનું સર્વસ્વ તમને સમર્પિત કર્યું અને આપશ્રીએ આપનાં વામન સ્વરૂપને એવું વિરાટ બનાવ્યું કે એક ચરણારવિંદ સત્યલોક સુધી પહોંચાડ્યું. ત્યારે અમે જે બ્રહ્માંડમાં રહીએ છીએ એ બ્રહ્માંડ ફૂટી ગયું, જેને શાસ્ત્રો 'બ્રહ્મકટાહ ફોડ્યું' એમ કહે છે. એવા ફૂટલાં બ્રહ્માંડમાં આ પૃથ્વી - જે શાસ્ત્રમાં મૃત્યુલોક તરીકે પ્રખ્યાત છે, એ મૃત્યુલોકમાં દર વરસને અંતે એક દિવાળી આવે છે, પછી તરત નવું વરસ શરૂ થાય છે. આ દિવાળી અને નવા વરસના થોડાક દિવસો અમે મજા માણીએ છીએ.

આ દિવસોમાં અમે ગમા-અણગમા, સુખ-દુઃખ, રાગ-દ્વેષ, ઈર્ષા-ક્રોધ, માન વગેરે મુકીને એકબીજાને ખૂબ જ પ્રેમથી મળીએ છીએ. પરસ્પરના ઘરે જઈને અભિનંદન પાઠવીએ છીએ. મીઠાઈઓ, જલેબી-ફાફડા વગેરે એકબીજાને આપીને ખૂબ જ જલસા કરીએ છીએ. કોઈને વરસ દરમિયાન મનદુઃખ થયાં હોય, બોલાચાલી, ઝઘડા થયા હોય કે અબોલા લીધા હોય, એ બધું જ ભૂલીને અમે એકમેક બનીને આનંદની લ્હાણ કરીએ છીએ.

બીજા અનેક રીતે સૌને મોજ પડે એવા કાર્યક્રમો યોજીને અમે આ દિવાળીના દિવસોમાં ધન્યતા અનુભવીએ છીએ અને એવું માનીએ છીએ કે દરરોજ દિવાળી હોય તો કેવું સારું !!!

પરંતુ હે મહારાજ ! હે મુક્તો ! આ દિવાળી તો આવે છે અને પાછી તરત ચાલી જાય છે. અમે બધા બે-ચાર દિવસ મોજ-મજા કરીને પાછા દુઃખના દરિયામાં ડૂબી જઈએ છીએ.

હવે અમારે સૌને આ જ મોટો પ્રશ્ન છે કે, હે પ્રભુ ! આ દિવાળીનો ઉત્સાહ-આનંદ, મોજ-મસ્તી કાયમ કેમ રહેતા નથી ?

હે પ્રભુ ! હે મારા નાથ ! અક્ષરધામમાં તો આનંદના ઢગલા છે, કોઈ દિ' ખૂટે નહિ એવડો મોટો આનંદનો સમૂહ છે; એવું અમે દરરોજ કથાવાર્તામાં સાભળીએ છીએ. તો મહારાજ ! એમાંથી થોડોક કાયમી આનંદ અમારા માટે આપ ન મોકલી શકો ?

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ તો પોતાના એક કીર્તનમાં સરસ ગાયું છે કે...

હાંરે મારે દાડી દાડી તે દિવાળી....
હૈયામાં મને વહાલા લાગો છો વનમાળી...

પરંતુ બ્રહ્માનંદ સ્વામી સહિત સર્વે પરમહંસો તો આપની સાથે અક્ષરધામમાંથી અહીં પધાર્યા હતા અને અત્યારે પણ અક્ષરધામમાં આપની સેવામાં જ બિરાજે છે. તેથી એમને તો દરરોજ દિવાળી હોય, પરંતુ અમારે તો

વરસમાં બે-ચાર દિવસ દિવાળી આવે અને બાકી આખું વરસ હોળી જ હાલે છે.

તો આપ દયાળુ છો, કૃપાસિંધુ છો, તેથી થોડી કૃપા કરીને અમને દિવાળીના દિવસો જેવો કાયમી આનંદ આવે એવું કાંઇક કરો...! અમને આપના કૃપાપ્રસાદની ઘણી ઘણી અભિલાષા છે. તો અમારી આજીજી, અરજી, પ્રાર્થના પ્રભુ! સાંભળજો અને અક્ષરધામમાંથી ઈ-મેઇલ દ્વારા કૃપાની કણિકા મોકલાવજો.

અહીં મૃત્યુલોકમાંથી આપને અમે અમારી દિવાળીની શુભેચ્છાઓ સાથે થોડો-ઘણો નવા વરસનો હરખભરેલો આનંદ મોકલીને કૃતાર્થતા અનુભવીએ છીએ.

મૃત્યુલોકમાંથી લી. આપના આશ્રિત મુમુક્ષુઓ-ભક્તો-સંતો વતી એક દાસાનુદાસ સેવકના કોટાનકોટિ દંડવત્ પ્રણામ....

અક્ષરધામનો ઇ-મેઇલ

દિવાળી અને નવા વરસના આનંદ-ઉત્સવમાં મોજ-મજા કરી રહેલા સર્વે અમારા આશ્રિત મુમુક્ષુઓ-સંતો-ભક્તો પ્રત્યે અનિર્દેશથી લિખાવંત સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ અને સર્વે મુક્તમંડળના જય સચ્ચિદાનંદ વાંચજો.

તમે બધાએ લખેલો દિવાળીનો શુભેચ્છાપત્ર એક ટપાલરૂપે અમને મળ્યો છે, બધા મુક્તો સહિત અમે પણ તમારા સમાચાર વાંચીને ખૂબ જ રાજી થયા છીએ.

વહાલા ભક્તજનો ! તમારા ભાવભક્તિ-સભર પત્રમાં તમારો પ્રશ્ન તમારી મુમુક્ષુતા પ્રગટ કરે છે.

તમારી દિવાળી અને નવા વરસના આનંદની વાતો વાંચીને બધા મુક્તો હસી પડ્યા, કારણ કે તમે જેને મોજ-મજા સમજો છો અને માણો છો, તેમાં તમારો દેહાત્મબુદ્ધિનો ભાવ અને ભ્રમ બન્ને એક સાથે પ્રગટ થઈ ગયા છે.

અક્ષરધામમાં અમારાં સ્વરૂપ સાથે જોડાઈ ગયેલા મુક્તોના આનંદની વાત તમને કેમ સમજાવવી ? કારણ કે તમે જે લોકમાં કર્મસંયોગે મનુષ્ય શરીર ધારી રહ્યા છો, એ લોકનું નામ જ મૃત્યુલોક છે. એનો અર્થ જ એવો થાય કે જ્યાં સતત મૃત્યુ નિવાસ કરે છે.

તમારા લોક સહિત તમારાં શરીર, સગા-સંબંધી, પરિવાર અને તમારા તમામ સાંસારિક વ્યવહારો મૃત્યુ એટલે કે કાળને આધીન છે. એ જ રીતે તમારી દિવાળી અને નવા વરસ પણ આવે છે અને જતા રહે છે, ત્યારે તમારો ભ્રમ તમને દેખાતો નથી અને તમે બીજા તહેવારોની રાહ જોઈને બેસી રહો છો.

અક્ષરધામનો આનંદ એ આત્માનંદ છે, એ દેહનો

આનંદ બની શકે નહીં. તમારે અક્ષરના આનંદને સમજવા અને પામવા માટે દેહ અને આત્માનો વિવેક શીખવો જોઈએ.

દિવ્ય આનંદ તો આત્મારૂપ થઈને અમારા સ્વરૂપની ઉપાસના કરવામાં જ પ્રાપ્ત થાય છે. એને માટે તમારે શરીર છોડવાની રાહ જોવાની નથી, પરંતુ અત્યારે જ શરીરના ભાવોથી મુક્ત થઈને પોતાને બ્રહ્મરૂપ માની લેવાની શરૂઆત કરવાની છે.

બ્રહ્મરૂપ થાય એટલે તરત જ અમે લખેલી શિક્ષાપત્રી અને અમારાં વચનામૃતોની સારગર્ભિત વાતો સમજાવા લાગશે.

જગતસંબંધી વ્યવહારો અને દેહસંબંધી સંસારમાં પોતાપણું માનીને કોઈ જીવાત્મા ક્યારેય સુખિયો રહી શકે નહી. એટલે તમારે સૌએ કાયમી સુખિયા થવા માટે, અક્ષરધામનો શાશ્વત આનંદ પામવા માટે, દેહાત્મભાવથી છૂટવું જ પડશે.

- લી. સ્વામી સહજાનંદજી
મુકામ અક્ષરધામ

ઉત્સવો અને પર્વોની પરંપરા

- સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામી

ભારતીય સંસ્કૃતિની એક આગવી વિશેષતા છે. સમયે સમયે લોકોને આનંદ-ઉલ્લાસ મળતા રહે, એ માટે ઉત્સવો અને પર્વોના આયોજનો ગોઠવી સંકૃતિના ઘડવૈયાઓએ માનવજીવનને હર્યુંભર્યું અને ધબકતું રાખવા અપૂર્વ યોગદાન આપ્યું છે.

દરેક તહેવાર આપણી સમક્ષ કંઈ ને કંઈ સંદેશો લઈને આવે છે.

દિવાળીમાં ઘરે ઘરે દીવડાઓ પ્રગટાવવામાં આવે છે. ઘરને સાફસૂફ તેમજ રંગરોગાન કરવામાં આવે છે, એ જ રીતે આપણે મન અને આત્માને શુદ્ધ કરી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની રંગોળીઓ પૂરીએ તો જીવન ધન્ય બને છે.

ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવો અને પર્વોની પરંપરા રહેલી છે, તેવી બીજે જોવા નહીં મળે.

ઉત્સવો માટે કવિ કાલિદાસે લખ્યું છે...

"ઉત્સવઃ પ્રિયાઃ ખલુ માનવાઃ"

વિષ્ણુ ભગવાનને અલંકાર પ્રિય છે; શંકર ભગવાનને જળધારા પ્રિય છે; સૂર્યનારાયણને નમસ્કાર પ્રિય છે; તે જ રીતે મનુષ્યોને ઉત્સવો પ્રિય છે.

શ્રીજી મહારાજે મુમુક્ષુઓમાં ભક્તિની ભરતી ભરવા માટે ઉત્સવ-સમૈયાનું પ્રવર્તન કર્યું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડા પ્રથમના ત્રીજા વચનામૃતમાં કહ્યું છે કે, "અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ અને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ અને જો કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે, તો તેને ભગવાનનાં ધામની પ્રાપ્તિ થાય.''

ઉત્સવો પ્રેમના પોષક; સંપ-સહકારના સાધક; ધર્મના સહાયક; પરસ્પર પ્રેમના પ્રેરક અને ધર્મના સંવર્ધક છે.

નવાં વર્ષે ભગવાનને પ્રાર્થના કરીએ...

હે મહારાજ ! અમારાં જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના દીવડાઓ પ્રગટે...

પ્રેમ, પવિત્રતા, શ્રદ્ધા, સમર્પણનો પ્રકાશ પથરાય...

કામ, ક્રોધ, લોભ, રાગ, દ્વેષ, ઈર્ષા, કપટરૂપી અંધકાર દૂર થાય...

હે મહારાજ ! તમારું અખંડ સ્મરણ રહે અને તમારા સંતો-ભક્તોમાં હેત થાય, એ જ નવલા વર્ષના સુપ્રભાતે આપનાં ચરણકમળમાં પ્રાર્થના....

જય શ્રી સ્વામિનારાયણ

સમાચાર દર્શન

શરદોત્સવ

શરદઋતુની સોહામણી પૂર્ણિમાની રાત્રિ એટલે ધવલરંગી ચાંદની રેલાવતી પૂર્ણિમાની રાત્રિ, ભગવાન અને ભક્તના મિલનની રાત્રિ અને આનંદ, ઉત્સવ, ઉલ્લાસની રાત્રિ. તારીખ ૧૫ ઓક્ટોબરના રોજ દર વર્ષની જેમ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (**SGVP**)ના આંગણે દિવ્ય અને ભવ્ય ભક્તિસભર શરદપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો.

આજના મંગલ પ્રભાતે 'સહજાનંદમ્'માં બિરાજમાન બાલસ્વરુપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ હોવાથી અભિષેક તથા અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ સંતો દ્વારા વિવિધ ફળો, ઔષધિઓ, કેસરજળ તેમજ તીર્થજળ દ્વારા શ્રી ઘનશ્યામ મહારાજનો ભવ્ય મહાભિષેક કરવામાં આવ્યો. અભિષેક બાદ અનેકવિધ વાનગી સભર અન્નકુટ શ્રી ઘનશ્યામ મહારાજને ધરાવવામાં આવ્યો હતો.

આજની રાત્રિના શરદોત્સનો પ્રારંભ સમુહ રાસથી થયો હતો. આજના ઉત્સવની સાથે જાણે કોઈ ધર્મ સંમેલનનું આયોજન થયું હોય એવો ભાસ થતો હતો. આજે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રીશ્રી માધવપ્રિયદાસજી સ્વામીની તથા સદ્‌ગુરુની સાથે અહિંસા વિશ્વભારતી-ન્યુ દિલ્હીના અધ્યક્ષ શ્રી લોકેશ મુનિજી મહારાજ, પ્રેસિડેન્ટ ઓફ ઓલ ઈન્ડિયા ઈમામ ઓર્ગેનાઈજેશનના ચીફ ઈમામ ડૉ. ઈમામ ઉમર અહમદ ઈલયાશીજી, મહાબોધિયોગ- લેહના અધ્યક્ષ પૂજ્ય ભીખુ સંઘસેનાજી વગેરે સંતો તેમજ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ શુભ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને યાદ કરી બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મને ભજવા તથા પરમાત્માનો સર્વ જીવ-પ્રાણીમાત્રમાં વાસ છે એવું સમજી સદા આનંદમાં રહેવાની પ્રેરણા આપી હતી. પૂજ્ય ભીખુ સંઘસેનાજીએ જણાવ્યું હતું કે, "ભારત વિવિધતાઓમાં એકતાથી શોભતો દેશ છે. આપણે સહુ સાથે મળી ભારતને વધારે સુંદર બનાવવો જોઈએ."

પાંચ હજાર મૌલવીઓના અગ્રણી એવા ઈલિયાસીજીએ જણાવ્યું હતું કે, "અખંડ હિન્દુસ્તાનની ઉપર કોઈપણની બુરી નજરને સાખી નહીં લેવાય. ભારતને નૂકશાન પહોંચાડનારાઓને યોગ્ય જવાબ આપવો જ જોઈએ." તથા પૂજ્ય લોકેશ મુનિજીએ જણાવ્યું હતું કે, "સ્વામી માધવપ્રિયદાસજી જેવા પ્રતિભાવાન સંતો સમાજને એકતાથી જોડી રહ્યા છે, જે આપણા માટે ગર્વની વાત છે."

આ ઉપરાંત પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ ઉપસ્થિત ભક્તોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. મહોત્સવ દરમિયાન સમૂહ રાસ, વિદ્યાર્થીઓ દ્વારા નૃત્યો, ચાર આરતીના દર્શન તથા સદ્‌ગુરુ સંતોના આશીર્વાદનો અનેરો લ્હાવો ભક્તજનોએ માણ્યો હતો. આ પ્રસંગે પુરાણી શ્રી હરિસ્વરુપદાસજી સ્વામી દ્વારા વ્યાખ્યાયિત 'પંચવર્તમાન' ડી.વી.ડીનું વિમોચન કરવામાં આવ્યું હતું. ઉત્સવના અંતે સૌ હરિભક્તો દૂધપૌઆનો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

સુરત :- તારીખ ૧૬ ઓક્ટોબરના રોજ સુરત ખાતે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના સાનિધ્યમાં શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુરુકુલ પરિવાર સુરતના મોટી સંખ્યામાં ભક્તોએ પધારી ઉત્સવનો લાભ લીધો હતો.

દ્રોણેશ્વર ગુરુકુલ :- પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાનિધ્યમાં ૧૭ તારીખે ધામધૂમથી શરદોત્સવ ઉજવાયો હતો. કષ્ટભંજન દેવ મારૂતિધામના વિશાળ પ્રાગંણમાં ઉજવાયેલા શરદોત્સવમાં પૂજ્ય ભંડારી સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી તથા પૂજ્ય સ્વામીજીએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. આ ઉત્સવમાં આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને ઉત્સવ દર્શન-કથાવાર્તાનો લાભ લીધો હતો.

સ્વચ્છતા અભિયાન

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી 'સ્વચ્છ ભારત' અભિયાન અંતર્ગત દર વર્ષે ૨, ઓક્ટોબર ગાંધી જયંતિના રોજ ગુરુકુલ પરિવાર દ્વારા સંતોના સથવારે સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. આ સફાઈ અભિયાનમાં ૩૦૦ યુવાનો, વિદ્યાર્થીઓ તથા સંતોએ પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના માગદર્શન પ્રમાણે અમદાવાદ ગુરુકુલના આજુબાજુના વિસ્તારોની સફાઈ કરી હતી. ત્રણ-ચાર કલાકમાં ગુરુકુલ રોડ, ડ્રાઈવ-ઈન રોડ તેમજ તેની સાઈડની તમામ નાની નાની શેરીઓ સ્વચ્છ અને સુંદર થઈ ગઈ હતી. આ સફાઈ અભિયાનમાં ટ્રેક્ટરની દશ ટ્રોલી કચરો ભેગો કરી યોગ્ય નિકાલ કર્યો હતો. આ ઉપરાંત દર્શનમ્ તથા SGVP ના વિદ્યાર્થીઓએ કેમ્પસ તથા એ.જી. હાઈવે ઉપર સફાઈ કરી હતી.

શ્રીમદ્ ભાગવત કથા, સવાનાહ ગુરુકુલ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ SGVP દ્વારા સંચાલિત શ્રી ધર્મજીવન મિશન ટ્રસ્ટ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર ખાતે શ્રીમદ્ ભાગવત કથાનું મંગલ આયોજન થયું હતું. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ વ્યાસપીઠ પર બિરાજમાન થઈ ભાગવતજીની ભાગીરથી વહાવી હતી. રોજ વિવિધ ઉત્સવો દ્વારા સમગ્ર વાતાવરણ મંગલમય અને ઉત્સવમય બન્યું હતું. કથાના પ્રારંભે ભાગવતજીની પોથીયાત્રા નીકળી હતી. મંદિરમાં તાજેતરમાં જ તૈયાર થયેલી યુવાનો અને બાળકોની બેન્ડ પાર્ટીએ ભાગવતજીનું શાનદાર સ્વાગત કર્યું હતું અને વાજતે ગાજતે ભાગવતજીની વ્યાસપીઠ ઉપર પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

કથાના પ્રથમ દિવસે ભગવાન શ્રી રામચંદ્રજીનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો હતો. બીજા દિવસે ભગવાન શ્રી કૃષ્ણનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો ત્યારે સમસ્ત વાતાવરણ 'હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલ કી...'ના નાદથી ગૂંજી ઉઠ્યું હતું. ભાવિક ભાઈ-બહેનો મનમૂકીને નાચ્યા હતા. ત્રીજા દિવસે ગોવર્ધન મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ઘેર ઘેરથી બહેનો અન્નકૂટની સામગ્રી લાવ્યા હતા અને સુંદર અન્નકૂટ મહોત્સવ થયો હતો. ચોથા દિવસે ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીરુક્મિણીદેવીનો મંગલ વિવાહ પ્રસંગ વિધીવત્ ઉજવાયો હતો. પૂર્ણાહુતિના દિવસે સર્વ ભાવિક ભાઈ-બહેનોએ સમૂહ આરતી ઉતારી હતી. સવાનાના ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં શ્રીમદ્ ભાગવત જ્ઞાનગંગાનો લાભ લીધો હતો. ઉપરાંત અમેરીકાના વિવિધ રાજ્યોમાંથી અનેક ભાવિક ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહી કથા શ્રવણનો લાભ લીધો હતો.

સત્સંગસભા, સિકાગો

તારીખ ૨ ઓક્ટોબર, રવિવારના રોજ ઈન્ટરનેશનલ સ્વામિનારાયણ સત્સંગ વડતાલ ખાતે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાનિધ્યમાં સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડતાલના શાસ્ત્રી શ્રી ભક્તિપ્રકાસદાસજી સ્વામી પણ સંત મંડળ સાથે ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ટરનેશનલ સ્વામિનારાયણ સત્સંગ વડતાલના આગેવાનો શ્રી અર્જુનભાઈ માલવીયા, પ્રમુખ શ્રી સ્નેહલ પીઠડીયા વગેરે ભક્તજનોએ પૂજ્ય સ્વામીજીનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પૂજ્ય શાસ્ત્રી સ્વામી શ્રી ભક્તિપ્રકાશદાસજીએ સત્સંગમાં સુહૃદભાવ વિશે મનનીય પ્રવચન કર્યું હતું. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ સેવા, સ્મરણ, સ્નેહ, સમજણ અને સમર્પણ વિશે મંગલ પ્રવચન કર્યું હતું. આ જ વિષય અંગે ભક્તો સાથે થયેલી રસપ્રદ પ્રશ્નોત્તરીમાં સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે, સેવા શબ્દને સંપ્રદાય પુરતો સીમિત ન રાખવો જોઈએ. જીવ-પ્રાણીમાત્રમાં પરમાત્માનો વાસ છે. જીવ-પ્રાણીમાત્રની સેવા આપણું કર્તવ્ય છે. ઠાકોરજીની સેવા કરવી એ ખૂબ સારી વાત છે, પરંતુ સાથોસાથ કોઈ દુઃખિયારાના આંસુ લૂંછવા એ પણ ઠાકોરજીની શ્રેષ્ઠ સેવા છે. આ પ્રસગે પાર્ષદ શ્રી ઘનશ્યામ ભગતે કીર્તનભક્તિ દ્વારા સૌને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. સભામાં મોટી સંખ્યામાં ભાઈ-બહેનોનો ઉપસ્થિત રહ્યા હતા. સભાના અંતે સૌ પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

સત્સંગ સભા, લંડન

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવાર યુ.કે. દ્વારા અનેક સેવાપ્રવૃત્તિઓ થઈ રહી છે. છેલ્લા દશ વર્ષથી લંડનમાં વસતા ભક્તજનો, યુવાનો તથા બાળકોના જીવન સંસ્કારિત બને એવા હેતુથી હિન્દુ લાઈફ સ્ટાઈલ સેમિનાર, યુથ કેમ્પ, બાલ શિબિર જેવા આયોજનો થતા રહે છે. તારીખ ૭ ઓક્ટોબરના રોજ પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં લંડન ખાતે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ આગામી વર્ષે લંડન ખાતે ઉત્સવ ઉજવવાની જાહેરાત કરી હતી. છેલ્લા ૯ વર્ષથી લંડન ખાતે જૂન-જુલાઇ મહિનામાં હિન્દુ લાઈફ સ્ટાઈલ સેમિનારનું સફળ આયોજન કરવામાં આવે છે, જેના આવતા વર્ષે દસ વર્ષ પૂરા થતા લંડન ખાતે જ 'દશાબ્દી મહોત્સવ' ઉજવવાની જાહેરાત કરી હતી. આ ઉત્સવમાં ૫૧ કુંડી મહાવિષ્ણુયાગ, શ્રીમદ્ ભાગવત કથા, લંડનના વિવિધ વિસ્તારોમાં વ્યાખ્યાનમાળા જેવા અનેક આયોજનો કરવામાં આવશે. સ્વામીજીની આ જાહેરાતને ઉપસ્થિત ભક્તજનોએ વધાવી લીધી હતી.

ગ્રંથ વિમોચન સમારોહ

એકવીસમી સદી ટેકનોલોજીની કહેવાય છે, પરંતુ આજનો વિદ્યાર્થી કેટલીયે મુશ્કેલીઓ અને ભારણ વચ્ચે પોતાનો માર્ગ શોધતો હોય છે. ક્યારેક એવું પણ બને કે યોગ્ય માર્ગદર્શનના અભાવે વિદ્યાર્થી નિષ્ફળ જાય ત્યારે એવું પગલું ભરે છે કે પોતાનું સંપૂર્ણ જીવનનો ત્યાગ કરી બેસે છે, આપઘાત કરે છે. આવા જ કાંઈક પ્રસંગમાંથી પ્રેરણા મેળવીને પ્રસિદ્ધ હાસ્યકાર જગદીશ ત્રિવેદીના સુપુત્ર મૌલિક ત્રિવેદીએ 'આપઘાતની ઘાત ટાળીએ..' નામના પુસ્તકનું સંપાદન કર્યું. આ પુસ્તકમાં ગુજરાતના નામાંકિત લેખકોના લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પુસ્તક તૈયાર થતા એમનું વિમોચન પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના હસ્તે થાય એવી જગદીશભાઈની ઇચ્છા હતી. જેના લીધે તારીખ ૧૨ ઓક્ટોબર ના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર ખાતે આદરણીય રાજ્યપાલશ્રી, પુજ્ય સ્વામીજી, સુપ્રસિદ્ધ લેખક ગુણવંત શાહ, શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા, જય વસાવડા, શાહબુદ્દિન રાઠોડ વગેરે મહાનુભાવો તથા પુસ્તકના લેખકોની ઉપસ્થિતિમાં આ પુસ્તકનું વિમોચન રાખવામાં આયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, 'આજના શિક્ષણને નવો ઓપ આપવો પડે એમ છે. બિબાઢાળ શિક્ષણ પદ્ધતિની લપેટમાં કેટલાયે વિદ્યાર્થીઓએ પોતાના જીવન ખોયા છે. આ બાબતનો સહુએ સાથે મળી વિચાર કરવો જોઈએ.' પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, 'મૌલિકનું આ સંપાદન કેટલાયે વિદ્યાર્થીઓના જીવનમાં નવી રોશની લાવશે. ભગવાન શ્રીહરિ મૌલિકને સાહિત્યની આવી સેવા કરવાની ધગશ આપે એવી પ્રાર્થના.' આ ઉપરાંત જય વસાવડા, ગુણવંત શાહ, શિક્ષણમંત્રીશ્રી, શાહબુદ્દિન રાઠોડ વગેરે પણ માર્ગદર્શન આપ્યું હતું.

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી પ્રાગજીભાઇ રણછોડભાઇ સેંજલીયા :- ગામ રબારિકા નિવાસી તથા ગુરુકુલના સેવક શ્રી પ્રાગજીભાઈ ૬૮ વર્ષની ઉંમરે હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર અને શ્રીહરિમાં હેતવાળા પ્રાગજીભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા પ્રેમજીભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના. પ્રાગજીભાઈની શ્રદ્ધાજલી સભામાં દ્રોણેશ્વરથી પૂજ્ય ભંડારી સ્વામી વગેરે સંતોએ પધારી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

અ.નિ. શ્રી ભગવાનભાઇ મનજીભાઇ પટેલ:- ગામ ધરમપૂર નિવાસી પ.ભ. શ્રી ભગવાનભાઈ ૬૭ વર્ષની ઉંમરે ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં હેતવાળા ભગવાનભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા રાજુભાઈ, નિલેષભાઈ, કથનભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કરશનભાઇ મંગલભાઇ ગીના :- દારેસલામ નિવાસી પ.ભ. શ્રી કરશનભાઈ ગીના ૨૮ સપ્ટેમ્બરના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલા કરશનભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા એમના પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. ધીરુંભાઇ વડગામા :- અમદાવાદનિવાસી પ.ભ. શ્રી ધીરુભાઈ વડગામા એક અકસ્માતમાં અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં હેતવાળા ધીરુંભાઈ તથા એમનો પરિવાર ગુરુકુલ સાથે સારી રીતે જોડાયેલો છે. ધીરુભાઈ નીયમિત ગુરુકુલ દર્શને પધારતા. ભગવાન શ્રીહરિ ભગવાનભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા એમના પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી જસભાઇ ભાઇલાલભાઇ પટેલ :- ગામ ઉત્તરસંડા નિવાસી પ.ભ. શ્રી જસભાઈ પટેલ ભગવાન શ્રીહરિનું ભજન કરતા થકા ૭૮ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ જસભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા રાજેશભાઈ, આશાબેન વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મંજુલાબેન ગુણવંતરાય ગોસલિયા :- ગામ મોરવાડ હાલ મુંબઈ નિવાસી શ્રી મંજુલાબેન ૮૦ વર્ષની ઉંમરે શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. મંજુલાબેનના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા કિશોરભાઈ, નિર્મળાબેન વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

અમદાવાદ ગુરુકુલ	છારોડી ગુરુકુલ
પ.ભ. શ્રી કૃણાલભાઈ કામલીયા, રાંચી	પ.ભ. શ્રી અમૃતભાઈ મોદી, અમદાવાદ
પ.ભ. શ્રી રસિકભાઈ વિરજીભાઈ પટેલ, અમદાવાદ	પ.ભ. શ્રી મેઘલ ઘનશ્યામભાઈ સુતરિયા, સુરત
પ.ભ. શ્રી મુકેશભાઈ ઈનડકટ, મુંબઈ	અ.નિ. શ્રી પ્રફુલાબેન અનીલભાઈ સોમાણી, અમદાવાદ
પ.ભ. શ્ર મિત બલભદ્રસિંહ ચૂડાસમા, ગાંધીનગર	પ.ભ. શ્રી ઋષિકાબેન જૈમીનભાઈ બાબરીયા, અમદાવાદ
પ.ભ. શ્રી ગોવિંદભાઈ પરશોત્તમભાઈ ઘાડીયા, જામવાળા	પ.ભ. શ્રી કાંતિભાઈ લાલજીભાઈ પટેલ, અમદાવાદ
અ.નિ. રમણભાઈ પરશોત્તમભાઈ મહેતાની પુણ્યતિથિ	પ.ભ. શ્રી શ્રેયસભાઈ ગીરધરભાઈ પરીખ, અમદાવાદ
નિમિત્તે હ. ભૂપેન્દ્રભાઈ મહેતા, મુંબઈ	પ.ભ. શ્રી વિનોદભાઈ લાલભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી અશ્વીનભાઈ દુધાત, અમદાવાદ	પ.ભ. શ્રી કૃતિક પટેલ, અમેરિકા
પ.ભ. શ્રી જગજીવનભાઈ ગીરધરભાઈ પટેલ, અમદાવાદ	પ.ભ. શ્રી પ્રવીનભાઈ ગોંડલીયા, ગોંડલ
પ.ભ. શ્રી વૈભવ રણછોડભાઈ પટેલ, અમદાવાદ	પ.ભ. શ્રી ધવલ પટેલ, અમદાવાદ

આગામી આયોજન

તા. ૧થી ૯/૧૧/૧૬ **સત્સંગ સાધના શિબિર, ઋષિકેશ**

તા. ૨૫/૧૧/૧૬, શુક્રવાર : **ઉત્પત્તિ એકાદશી** : રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ

તા. ૩/૧૨/૧૬, શનિવાર : **વચનામૃત જયંતિ**: શ્રીઘનશ્યામ મહારાજ પાટોત્સવ, સવારે : ૭ કલાકે અભિશેક દર્શન, ૯:૦૦ કલાકે અન્નકૂટ દર્શન, મેમનગર ગુરુકુલ.

તા. ૮/૧૨/૧૬, ગુરુવાર : **શ્રીહરિ જયંતિ**: શ્રી નીલકંઠવર્ણી અભિશેક તથા રોજાપચાર પૂજન, સવારે ૬:૦૦ કલાકે, મેમનગર ગુરુકુલ

તા. ૧૦/૧૨/૧૬, શનિવાર : **મોક્ષદા એકાદશી** : રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ

તા. ૧૬ ડિસેમ્બરથી ૧૪ જાન્યુઆરી : **ધનુર્માસ**: રોજ સવારે ૬:૩૦ કલાકે મેમનગર ગુરુકુલમાં કથા સાંજે ૬:૪૫ કલાકે છારોડી ગુરુકુલમાં કથા

તા. ૨૪/૧૨/૧૬, શનિવાર : **સફલા એકાદશી** : રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ

નોંધ :- પ્રસ્તુત ગુરુકુલ દર્શનનો અંક ઓક્ટોબર-નવેમ્બર એમ બે મહિનાનો સાથે પ્રગટ થઈ રહ્યો છે. આગામી અંક ડીસેમ્બર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થશે, જેની વાચકોએ નોંધ લેવી.

આગામી વર્ષે લંડન ખાતે ઉજવાનાર દશાબ્દી મહોત્સની જાહેરત કરતા પૂજ્ય સ્વામીજી તથા ઉપસ્થિત ભક્તજનો, લંડન

સદ્‌ગુરુ સંતોના સાનિધ્યમાં સુરત તથા દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે ઉજવાયેલ શરદોત્સવમાં ઉપસ્થિત ભક્તજનો

૨, ઓક્ટોબરના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ સફાઇ અભિયાન

સત્સંગ સભામાં ઉપસ્થિત સંતો તથા ભક્તજનો, સિકાગો

ઇન્ટર ફેઇથ મિટીંગમાં ઉપસ્થિત રાજ્યપાલશ્રી, પૂજ્ય સ્વામીજી, ધર્મગુરુઓ તથા કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમભાઇ રૂપાલા, અમદાવાદ

ગ્રંથ વિમોચન સમારોહમાં ઉપસ્થિત રાજ્યપાલશ્રી, પૂજ્ય સ્વામીજી ગુણવંત શાહ, જગદીશ ત્રિવેદી તથા નામાંકિત લેખકો, અમદાવાદ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

સદ્‌ગુરુ સંતો તથા ધર્મગુરુઓના સાનિધ્યમાં SGVP ને આંગણે ઉજવાયો ભવ્ય શરદોત્સવ